# દિલ્હી ચુંટણીને લઈ આક્ષેપ પ્રતિઆક્ષેપ

નવી દિલ્હી, તા. ૨

દિલ્હી વિધાનસભાની ચુંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર વધુ તીવ્ર બની ગયો છે. ભાજપે આજે એએપી ઉપર આક્ષેપ કરતા કહ્યું હતું કે, ચારેય બાજુ આચારસંહિતાનો ખુલ્લો ભંગ કરવામાં આવી રહ્યો છે. ભાજપના પ્રવક્તા નલીન કોહલીએ આજે કહ્યું હતું કે, એએપી દ્વારા તેમના પોતાના કૃત્યો સિવાય પણ ચારેય બાજુ આચારસંહિતાનો ભંગ કરે છે. જો તેઓ આત્મનિરીક્ષણ કરે તો કદાચ તેઓ વધુ જવાબદાર પાર્ટી તરીકે ઉભરી શકે છે. દરમિયાન ભાજપના નેતા નરસિમ્હા રાવે રાજકીય લાભ ઉઠાવવા માટે જાતિના મુદ્દાને ઉઠાવવાનો એએપી પર આક્ષેપ કર્યો છે. રાવે કહ્યું હતું કે, એએપી ચુંટણી રાજનીતિમાં ખૂબ નબળી અને હલ્કી રાજનીતિ રમી રહી છે. ચુંટણી ગણતરીમાં જાતિને લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. આમ આદમી




પાર્ટીએ અગાઉ ભાજપની જોરદાર ઝાટકણી કાઢી હતી. આજે સવારે મોટાભાગના અખબારોમાં જાહેર કરાયેલ જાહેરાત મુદ્દે ભાજપની ટીકા કરી હતી. સતત ત્રીજી વખત આ પ્રકારની જાહેરાત પ્રકાશિત કરાઈ છે. ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણીને ખોરવી નાંખવાની અરવિંદ કેજરીવાલની ધમકી અંગે વાત કરતાં ભાજપે કહ્યું છે કે, કેજરીવાલના ગૌત્ર અથવા તો પેટાજાતિ ઉપદ્રવી તરીકે છે. કેજરીવાલે કહ્યું હતું કે, માત્ર અગ્રવાલ સમુદાયનું જ નહીં બલ્કે અન્યોનું પણ આ અપમાન છે. તેમણે કહ્યું હતું કે, ભાજપ દ્વારા પણ આક્ષેપ કરવામાં આવે છે પરંતુ આ પ્રકારની રણનીતિ કરવામાં આવતી નથી. એએપીએ પણ વળતા પ્રહાર કરતાં માફીની માંગણી કરી છે. એએપીનું કહેવું છે કે, ભાજપની નવી જાહેરાતમાં કેજરીવાલના ગૌત્ર સામે પ્રશ્નો કરાયા છે.

આ સંદર્ભમાં માફીની માંગ કરવામાં આવી છે. ભાજપે ફરી આક્ષેપ કરીને એએપીની ઝાટકણી કાઢી છે. એએપીના સમર્થકો ભાજપ સામે દેખાવના મૂડમાં પણ દેખાઈ રહ્યા છે. ભાજપની કેજરીવાલનો ટાર્ગેટ કરતી જાહેરાતનો લઈનો પણ ભારે હોબાળો છે. ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ખલેલ પહોંચાડવાની કેજરીવાલે ધમકી આપી હતી. જ્યારે આ વર્ષે તેમને આમંત્રણ અપાયું નથી. ભાજપે જાહેરાતમાં કેજરીવાલ સામે ઘણા પ્રશ્નો ઉઠાવ્યા છે અને કહ્યું છે કે, દિલ્હીના લોકોએ ફરીથી છેતરાઈ જવાની જરૂર નથી. વિકાસની રાજનીતિ માટે મત આપવા અપીલ કરવામાં આવી છે. દેશ કે કરોડો લોગ ગણતંત્ર દિવસ કો રાષ્ટ્રીય પર્વ માનતે હૈ, ઉસ પર ગર્વ કરતે હૈ, ઔર આપકા ઉપદ્રવી ગૌત્ર ઈસમે વ્યાવધાન ડાલને કો તૈયાર હૈ. આ બાબતને ચલાવી લેવામાં આવશે નહીં.

## કિરણ બેદીના સાથી નરેન્દ્ર ટંડને રાજીનામું પાછુ ખેંચ્યું

નવી દિલ્હી, તા. ૨

દિલ્હી વિધાનસભાની ચુંટણીના દિવસો પહેલા જ દિલ્હીમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર કિરણ બેદીની ચુંટણી પ્રચારના ઈન્ચાર્જ અને ભાજપના સભ્ય નરેન્દ્ર ટંડને તેમનું રાજીનામું પાછુ ખેંચી લીધું છે. પાર્ટીમાંથી રાજીનામું આપી ચુક્યા છે તેવી વાત કર્યાના કલાકો બાદ જ નરેન્દ્ર ટંડને રાજીનામું પાછું ખેંચી લીધું છે. ટંડને કહ્યું છે કે, તેઓ આ વિવાદ બદલ માફી માંગશે. તેમના રાજીનામાને લઈને વિવાદ થયા બાદ માફી માંગશે. અગાઉ સવારના ભાજપના પ્રમુખ અમિત શાહને લખવામાં આવેલા પત્રમાં પક્ષના શહેર એકમના પૂર્વ સેક્રેટરી અને દિલ્હી ભાજપ કારોબારી સમિતિના કાયમી સભ્ય ટંડને કહ્યું હતું કે, બેદીની સાથે તેઓ ઉભા રહી શકવાની સ્થિતિમાં નથી. કારણકે, બેદીના અંગત સ્ટાફના સભ્યો તેમનું અપમાન કરી રહ્યા છે. બેદી સાથે કામ કરવું ખૂબ મુશ્કેલ બની રહ્યું છે. તેમના રાજીનામાના સમાચાર ચારેયબાજુ ફેલાતાની સાથે જ દિલ્હી ભાજપ એકમને આઘાત લાગ્યો હતો અને ફરીવાર સમસ્યા સર્જાશે તેમ લાગતું હતું. દિલ્હી ભાજપના પ્રવક્તા પ્રવિણ શંકર કપુરે કહ્યું હતું કે, તેમનો ભૂતકાળનો દેખાવ સારો રહ્યો નથી. ભૂતકાળમાં પણ પાર્ટીને તેઓ મુશ્કેલીમાં મુકી ચુક્યા છે. તેઓએ પક્ષના ઉમેદવાર રજની અબ્બી સામે ૨૦૧૩ની વિધાનસભાની ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી. દિલ્હી યુનિવર્સિટીના સ્ટુડન્ટ યુનિયનના જનરલ સેક્રેટરી ટંડન ૧૯૯૦માં હતા. ભાજપના એબીવીપી સાથે તેઓ જોડાયેલા રહ્યા હતા. પક્ષના રેંક મારફતે તેઓ આગળ આવ્યા હતા અને મોડેથી દિલ્હી ભાજપના સેક્રેટરી બન્યા હતા. જ્યારે ઓપી કોહલીને શહેર એકમના વડા બનાવાયા હતા. દિલ્હીમાં સાતમી ફેબ્રુઆરીના દિવસે ચુંટણી યોજાનાર છે. મત ગણતરી ૧૦મી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. દિલ્હી ચુંટણીમાં આક્ષેપબાજીના દોર વચ્ચે નવી હિલચાલ શરૂ થઈ છે.

## વિરાટ હિન્દુ સમ્મેલનમાં ચારથી વધુ બાળકો ધરાવનાર ૨૦ લોકોને સન્માનિત કરવામાં આવ્યા

બદૌન,તા. ૨

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત વિરાટ હિન્દુ સમ્મેલનમાં ચારથી વધુ બાળકો ધરાવનાર ૨૦ લોકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ નેતા સાધ્વી પ્રાચી દ્વારા તેમને સન્માનિત કરાયા હતા. સન્માન મેળવનારમાં દ્વારકાસિંહ, રામપાલસિંહ અને સુરનામસિંહનો સમાવેશ થાય છે. દ્વારકાસિંહના ૧૧ બાળકો છે. જ્યારે રામપાલસિંહ અને સુરનામસિંહના ૯-૯ બાળકો છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સંબોધતા સાધ્વી પ્રાચીએ કહ્યું હતું કે, માત્ર હિંદુઓ માટે જ પરિવાર નિયોજન શા માટે મહત્વપૂર્ણ છે અને અમલીકરણ છે. ઘરવાપસી અંગે તેમણે કહ્યું હતું કે, જો ૧૪૦૦ વર્ષ અગાઉ દરેક વ્યક્તિ હિંદુ હતા, તો તમામને ઘર વાપસી કરાવવામાં આવે તે જરૂરી છે. તેઓ પ્રેમની વિરુદ્ધમાં નથી. પરંતુ લવ જેહાદના વિરોધમાં છે. પ્રાચીએ કહ્યું હતું કે, અગાઉ અમે કહેતા હતા કે, હમ દો હમારે દો પરંતુ હવે અમે એમ કહેવા લાગી ગયા છીએ કે, શેર કા બચ્ચા હી અચ્છા.પરંતુ આ બાબત ખોટી છે. જો એક બાળક હશે તો કોઈ જગ્યાએ એને મોકલવામાં આવશે નહીં. સરહદની રક્ષા માટે પણ કોઈ વ્યક્તિની જરૂર છે. ધર્માંતરણ પર પ્રતિબંધની માંગણી કરી હતી. પ્રાચીએ વિહીપના ઘર વાપસીનો પણ બચાવ કર્યો હતો.

## બીસીસીઆઈ ચુંટણી લડવા શરદ પવાર ઈચ્છુક : રિપોર્ટ

નવી દિલ્હી, તા. ૨

મુંબઈ ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવાર ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની ચુંટણી લડવા ઈચ્છુક દેખાઈ રહ્યા છે. અહેવાલમાં આ મુજબનો દાવો આજે કરાયો છે. જોકે, આને સમર્થન મળ્યું નથી. બીસીસીઆઈની ચુંટણી આઈપીએલ સટ્ટા કૌભાંડ અને સ્પોટફિક્સિંગ કૌભાંડના કારણે બે વખત મોકુફ કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી ચાલી રહી છે. જોકે, ૨૨મી જાન્યુઆરીના દિવસે સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં આદેશમાં કહ્યું હતું કે, બીસીસીઆઈની ચુંટણી આગામી છ સપ્તાહની અંદર યોજાઈ જવી જોઈએ. સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે, બીસીસીઆઈના પ્રમુખ શ્રી નિવાસનને ચુંટણી મેદાનમાં ઉતારવામાં ન આવે તે જરૂરી છે. કારણકે, તેઓ કોન્ફલીક્ટ



ઓફ ઈન્ટરેસ્ટની પરિસ્થિતિમાં જોડાયેલા છે. તેઓ આઈપીએલ ફ્રેન્ચાઈસીઝ ચેન્નઈ સુપરકિંગ્સના માલિક પણ છે. અગાઉ પવારે ૨૦૦૫થી ૨૦૦૮ વચ્ચેના ગાળામાં બીસીસીઆઈ પ્રમુખનો હોદ્દો જાળવ્યો હતો. હકીકતમાં તેઓએ ૨૦૧૦થી ૨૦૧૨ દરમિયાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના પ્રમુખનો હોદ્દો પણ જાળવ્યો હતો. શ્રીનિવાસનની કફોડી હાલત વચ્ચે પવાર મજબુત દાવેદાર તરીકે ઉભરી શકે છે. આ વખતે ઈસ્ટઝોનનો નંબર બીસીસીઆઈ પ્રમુખના હોદ્દા માટે પડે છે. આવી સ્થિતિમાં ગણતરી શરૂ થઈ છે. અગાઉ પવારે ચુંટણી લડવાનો ઈન્કાર કર્યો હતો. શરદ પવારની દાવેદારીના સંદર્ભમાં હજુ સુધી એનસીપી તરફથી કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી. આ ઉપરાંત અન્ય રાજકીયપક્ષો દ્વારા પણ કોઈ ટિપ્પણી કરાઈ નથી. પરંતુ બીસીસીઆઈની ચુંટણી આ વખતે રોમાંચક બની શકે છે.

**વર્લ્ડકપમાં હાઈપ્રોફાઈલ મેચને લઈ ઉત્સુક્તા**

## ભારત-પાકની મેચમાં બિગ બી કોમેન્ટેટરની ભૂમિકામાં

નવી દિલ્હી,તા. ૨

વર્લ્ડ કપ ક્રિકેટને લઈને કરોડો ચાહકો ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. આ વખતે કેટલાક નવા મસાલા ઉમેરવામાં આવે તેવી શક્યતા છે. આ વખતે અમિતાભ બચ્ચન પણ વર્લ્ડ કપનો હિસ્સો પણ બનનાર છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ અમિતાભ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ પ્રોફાઈલ મેચમાં ખાસ કોમેનટેટર તરીકેની ભૂમિકા અદા કરનાર છે. કેટલાક લોકો વિશ્વાસ કરી રહ્યા નથી પરંતુ આ બાબત યોગ્ય છે. અમિતાભ બચ્ચન વર્લ્ડ કપ દરમિયાન ખાસ કોમેન્ટર તરીકે ભૂમિકા અદા કરનાર છે.



ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫મી ફેબ્રુઆરીના દિવસે વર્લ્ડ કપની મેચ રમાનાર છે. અમિતાભ બચ્ચન પણ આ મેચ સાથે કોમેન્ટર તરીકે ક્રિકેટની દુનિયામાં એન્ટ્રી કરનાર છે. મેચ દરમિયાન કપિલ દેવ, હર્ષ ભોગલે અને શોએબ અખ્તર પણ કોમેન્ટર તરીકે રહેનાર છે. હકીકતમાં કોર્લટોન ત્રિકોણીય વન ડે શ્રેણી દરમિયાન ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ફાઈનલ મેચ દરમિયાન એક એડ દર્શાવવામાં આવી હતી. જેમાં કપિલ દેવ અને શોએબને શમિતાભ નામના એક લેમનચુસ ખાધા બાદ અમિતાભના આવાજ સાથે દર્શાવવામાં આવ્યા છે. છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે અમિતાભની ફિલ્મ શમિતાભ રજૂ થનાર છે. અમિતાભે આ પ્રસંગે વાત કરતા કહ્યુંછે કે આ દેશ બે ચીજો સાથે ઈમોશનલની દ્રષ્ટિએ જોડવામાં આવે છે. ક્રિકેટ અને સિનેમાને એક સાથે જોડવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમનુ કહેવુ છે કે છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે ફિલ્મરજૂ થઈ રહી છે જ્યારે ૧૫મીના દિવસે અમિતાભ કોમેન્ટરી પણ કરનાર છે.ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં રમાનાર વર્લ્ડ કપને યાદગાર બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

**હરિયાળું હરણોધાન** (પાના નં. ૪ નું ચાલુ)

સર, બર્ડ વોચીંગ શોખ માટે તો બરાબર છે પણ બાકી આ પક્ષીઓ કંઈ કામનાં ખરાં?

હાં, કેમ નહીં, પ્રકૃતિના સંતુલનમાં પક્ષીઓનો ખૂબ જ મહત્ત્વનો ફાળો છે, ખેતીના પાકમાં થતી જીવાતનું નિયંત્રણ પક્ષીઓ જ કરે છે. કબુતર, વૈયા, બુલબુલ, હરિઆલ, જેવા પક્ષીઓ વડ, ઉમરા, પીપળા જેવા વૃક્ષોના ફળ ખાય અને તેનાં બી ચરકમાં અન્ય સ્થળે કાઢે છે. એ રીતે વૃક્ષોનો ફેલાવો કરવામાં એ સુંદર ફાળો આપે છે. ગીધ, કાગડા, અને સમડી જેવા પક્ષીઓ મૃત પ્રાણીઓ ને ખાઈ વાતાવરણ શુદ્ધ રાખે છે. આપણી સંસ્કૃતિમાં આપણા આત્માને હંસલા તરીકે ગણીને જીવનને સમજવાની વાત છે. દેવોનાં વાહન તરીકે પણ પક્ષીઓને પ્રસ્થાપિત કરી તેમનું સ્થાન દિવ્ય બનાવ્યું છે. પક્ષીઓનું સ્થાન માનવજીવનમાં પણ ઘણું છે. તે પ્રતિકોથી પ્રતિબિંબિત થાય છે. મોરને મગકુરીનું ચિન્હ મનાય છે. તો હંસ પવિત્રતાની નિશાની છે. ગરુડ શ્રેષ્ઠતા, સર્વોપરિતાનું ચિહ્ન છે, પંચતંત્રમાં પક્ષીઓ દ્વારા જીવનબોધ અપાયો છે. કવિઓ અને કલાકારો કાવ્યો અને ચિત્રોમાં પક્ષીઓનાં માધ્યમથી સંવેદના, ઉર્મિઓ અને સુંદરતાના ભાવો વ્યક્ત કરે છે. કવિ કાલિદાસે મેઘદૂતમાં સૃષ્ટિનું ચિત્રણ કરેલ છે. તેમાં પણ પક્ષીઓને સંદેશાવાહક તરીકે ઉપયોગ કરેલ છે. જાસૂસી માટે અને શિકાર માટે પણ પક્ષીઓનો ઉપયોગ થતો હોવાના અનેક ઉદાહરણો આપણે જોઈ શકીએ છીએ.

પક્ષીઓ બતાવતાં બતાવતાં તમે પક્ષીઓ વિશે ઘણી રસપ્રદ માહિતી આપી હો, ઠેબાબાઈ મને તો એમ થાય છે કે પક્ષીદર્શનમાં રોજ તમારી સાથે આવું.

તે આવો ને જાગ્યા ત્યારથી સવાર.



પાકિસ્તાનના પેશાવરમાં પોલીસ દ્વારા રાખવામાં આવી રહેલ તાલીમમાં એક શિક્ષિકાએ શસ્ત્ર તાલીમ મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર માસમાં તાલીબાનોએ પેશાવરની આર્મી સ્કૂલમાં કરેલા ઘાતકી હુમલામાં ૧૫૦થી વધુ બાળકોની હત્યા કરી હતી તેના વિશ્વભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતાં.

## ૧૦૦થી વધુ કોર્પોરેટ હસ્તી ભાજપમાં સામેલ :અહેવાલ

નવી દિલ્હી,તા.૨

ભાજપે દાવો કર્યો છે કે ૧૦૦થી વધુ કોર્પોરેટ હસ્તીઓ અને પ્રોફેશનલ લોકો પાર્ટીમાં સામેલ થઈ રહ્યા છે. દરમિયાન ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું છે કે દેશમાં રોજગારની વધુ તકો ઉભી થાય તે જરૂરી છે. શાહે દેશમાં રોજગારની વધુ તકો ઉભી કરવા કોર્પોરેટ જગતને અપીલ કરી છે. ભાજપ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૧૦૦થી વધુ સીઓિ આજે ભાજપમાં સામેલ થયા છે. જેમાં લુફ્તહાંસાના પરવેઝ આલમગીરી ખાન, કતાર એરલાઈન્સના કન્ટ્રી હેડ હેનરી મોસેસ, એટીએન્ડ ટીના નીતા અગ્રવાલનો સમાવેશ થાય છે. ભાજપની યાદીમાં કુલ નવ લોકોના નામ આપવામાં આવ્યા છે. પાર્ટીમાં સામેલ થનાર લોકોની સંપૂર્ણ યાદી આપવામાં આવી નથી. તેમના કહેવા મુજબ બેંક ઓફ અમેરિકા, હનીવેલ, સ્પાઈસ જેટ, બોમ્બાર્ડિયર, યુટીસી, કેપીએમજી જેવા મોટી કંપનીઓના કેટલાક ટોચના લોકો પણ સામેલ થયા છે. પાર્ટી અધ્યક્ષ અમિત શાહે કહ્યું છે કે આ તમામ લોકો સભ્યપદ સ્વીકારી ચુક્યા છે.

વેપાર જગતની હસ્તીઓને સંબોધતા શાહે કહ્યું હતું કે તેમને પુરો વિશ્વાસ છે કે જીએસટી એપ્રિલ ૨૦૧૬તી વાસ્તવિકતા બની જશે. આવનાર દિવસોમાં ભાજપમાં વધુ સભ્યો જોડાય તેવી શક્યતા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો વચ્ચે તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે. ભાજપ અને એએપી વચ્ચે સૌથી વધુ ટક્કર છે.ભાજપ સર્વેમાં હજુ એએપી કરતા આગળ છે.

### દિમાપુરમાં પણ આર્મીનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત

કોહીમા, તા. ૨

નાગાલેન્ડના દિમાપુર જિલ્લામાં રંગપહેર હેલિપેડથી ઉડાણ ભર્યા બાદ મિનીટોના ગાળામાં જ ચિતા હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. જોકે, આ દુર્ઘટનામાં બન્ને પાયલોટ અને આર્મી અધિકારીનો બચાવ થયો હતો. સિલોંગમાં ડિફેન્સ પીઆરઓ અમિત મહાજને માહિતી આપતા કહ્યું છે કે, આર્મી ઉડ્ડયન હેલિકોપ્ટર રુટિન ઉડાણ પર હતું ત્યારે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. વહેલી સવારે ૧૦થી ૧૨ ફુટની ઉંચાઈ ઉપરથી આ હેલિકોપ્ટર તુટી પડ્યું હતું. કોહિમામા ડિફેન્સ પીઆરઓ લેફટી કર્નલ ઈમરોને કહ્યું છે કે, બે પાયલોટ અને એક આર્મી અધિકારી આ હેલિકોપ્ટરમાં હતા પરંતુ કોઈને પણ ઈજા થઈ નથી.

## બિહારમાં પુરની સમસ્યાને ઉકેલવા માટે પગલા લેવાશે

પટણા, તા. ૨

કેન્દ્ર સરકારે આજે બિહારમાં પુરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા પગલા લેવાની ખાતરી આપી હતી. બિહારમાં દર વર્ષે પુરના કારણે ગંભીર સમસ્યા સર્જાય છે. પડોશી નેપાળ અને મધ્યપ્રદેશની નદીઓમાંથી પાણીનો પ્રવાહ આવતા પુરની પરિસ્થિતિ સર્જાય છે. બિહારના મુખ્યમંત્રી જીતનરામ માંઝી અને કેન્દ્રીય જળસંશાધન પ્રધાન ઉમા ભારતી વચ્ચે વાતચીત દરમિયાન આ મુદ્દો ઉઠાવાયો હતો. બન્નેએ એકબીજાની પ્રશંસા પણ કરી હતી. વન અને માર્ગ ખાતે મુખ્યમંત્રીના આવાસ પર યોજાયેલી બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા માંઝીએ કહ્યું હતું કે, તેઓએ ઉમા ભારતીને માહિતી આપી છે કે બિહારને પુરના કારણે દર વર્ષે જંગી નુકશાન થાય છે. નેપાળ અને સાથે-સાથે એમપીની નદીમાંથી દર વર્ષે પુરની સ્થિતિ સર્જાય છે. માંઝીએ કેન્દ્રીયપ્રધાનની પ્રશંસા પણ કરી હતી. માંઝીએ કહ્યું હતું કે, આ સમસ્યા અગાઉ કેમ હાથ ધરાઈ નહતી તેને લઈને પણ આશ્ચર્યની બાબત છે. પરંતુ ઉમા ભારતીએ ખૂબ જ સારો પ્રતિસાદ આપ્યો છે. ભારતીએ બિહારના મુખ્યમંત્રીને સમસ્યાનો ઉકેલ લાવવા રાજ્યના જળસંશાધન પ્રધાન અને અધિકારીઓને મોકલવા કહ્યું છે. માંઝીએ ગંગા નદીમાં પ્રદૂષણના મુદ્દાને પણ ઉઠાવ્યો છે. ગંગામાં પ્રદૂષણને લઈને હંમેશા પ્રશ્નો થતા રહ્યા છે. કેન્દ્ર સરકારે ગંગા નદીને સ્વચ્છ કરવા માટે ૫૦૦ કરોડ રૂપિયા જારી કર્યા છે. જરૂર પડશે તો વધુ ફંડ અપાશે તેવી ખાતરી ઉમા ભારતીએ આપી છે. ઉમાએ કહ્યું હતું કે, વડાપ્રધાને એવી સ્પષ્ટ માર્ગદર્શીકા આપી છે કે, વિકાસમાં રાજનીતિને ચલાવી લેવાશે નહીં. કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધોને મુખ્ય પ્રાથમિક્તા અપાશે.

## નિફ્ટી ૧૨ પોઈન્ટ ઘટી ૮૭૯૭ની નીચી સપાટીએ

મુંબઈ, તા. ૨

શેરબજારમાં આજે સાવધાનીપૂર્વકનું વલણ જોવા મળ્યું હતું. આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી કરવામાં આવે તેના એક દિવસ પહેલાં સ્થિતિ સાવધાનીપૂર્વકની રહી હતી. શેરબજાર આજે મંદી સાથે બંધ રહ્યું હતું. સેન્સેક્સ ૬૧ પોઈન્ટ ઘટીને ૨૯૧૨૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૨ પોઈન્ટ ઘટીને ૮૭૯૭ની સપાટીએ રહ્યો હતો. જોકે, બ્રોડર માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૫-૧.૨ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. માર્કેટ બ્રીડ્થ પણ હકારાત્મક રહી હતી. બીએસઈમાં ૧૬૨૩ શેરમાં તેજી રહી હતી, જ્યારે ૧૨૮૮ શેરમાં મંદી રહી હતી. વિદેશી પોર્ટફોલિયો મૂડીરોકાણકારોએ શુક્રવારના દિવસે ૭૭૧.૫૫ કરોડની કિંમતના શેર વેચી દીધા હતા. ભારતમાં તેના આર્થિકદરના વિકાસમાં સુધારો થયો છે. નાણાકીય વર્ષમાં ૪.૭ ટકાથી આર્થિક વિકાસદર ૬.૯ ટકા થયો છે. સરકારે અર્થતંત્રને માપવા માટેની ફોર્મ્યુલા બદલી નાંખી છે. ચીનમાં મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં નિરાશાજનક સ્થિતિ રહી છે. ક્રૂડ ઓઈલની કિંમતમાં ફરી ઘટાડો થયો છે અને તેની કિંમત બેરલ દીઠ ૪૭ ડોલર સુધી પહોંચી ગઈ છે. એશિયન બજારમાં ઉથલ-પાથલ જોવા મળી હતી. હોંગકોંગના શેરમાં ઘટાડો રહ્યો હતો. હેંગસેંગ ઈન્ડેક્સમાં ૦.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. ચીનમાં એન્ટરપ્રાઈઝ ઈન્ડેક્સમાં ૧.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેક્ટરલ મોરચે એફએમસીજી ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો ૧.૮ ટકાનો નોંધાયો હતો. બીએસઈ ઓઈલ એન્ડ ગેસ અને મેટલમાં પણ ઘટાડો રહ્યો હતો. આ બન્નેમાં ૦.૫ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. કેપિટલ ગુડ્સમાં સૌથી વધુ સુધારો ૧.૩ ટકાનો રહ્યો હતો. આઈટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઓટો ઈન્ડેક્સમાં ૦.૫ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. આવતીકાલે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે. વ્યાજદરમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ઈન્ડેક્સ હેવીવેઈટ તાતા મોટર્સમાં ૫.૧૯ ટકાનો ઉછાળો નોંધાયો છે. જાન્યુઆરી મહિનામાં ૪૨૫૮૨ યુનિટનું વેચાણ થયું છે. જે ગયા વર્ષે આ જ મહિનામાં ૪૦૪૮૧ યુનિટ હતું. ગેલ, મારુતિ સુઝુકી, હિન્દાલ્કોમાં ઉલ્લેખનીય સુધારો રહ્યો છે. આવતીકાલે પોલીસી સમીક્ષા ઉપર તમામની નજર રહેશે. ઓટો કંપનીઓની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. મેટલના શેર પણ દબાણ હેઠળ રહ્યા હતા. તાતા સ્ટીલ અને સેશા સ્ટરલાઈટમાં ૧.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

## સમાચાર ઝલક

- દ્વારકા પર ત્રાસવાદીઓનું નિશાન, તંત્ર એલર્ટ સી.સી.ટીવી કેમેરા લગાવાશે.
- ગુજરાતમાં તમામ ખેડૂતોને ૩૧મી માર્ચ સુધીમાં કિસાન ક્રેડીટ કાર્ડ અપાશે.
- સ્વાઈન ફ્લુના કહેર વચ્ચે ઉષ્ણતામાનમાં ફેરફારથી સીધી અસર : સેંકડો દર્દીઓ સારવાર હેઠળ.
- ગોંડલના રાજમહેલમાં સલમાનખાન અને સોનમ કપુર 'પ્રેમ રતન ધન પાયા' ફિલ્મનું શુટીંગ થશે.
- રાજકોટની ખાનગી બેંકોમાં પાંચ લાખની નકલી નોટો જમા કરાવી દેતાં પોલિસ ફરિયાદ.
- સગવડોના કારણે કન્યા શિક્ષણ અંગે ગુજરાતે પ્રગતિ કરી છે : મુખ્યમંત્રી શ્રીમતી પટેલ.
- જામનગર પાસે હવાઈ દળનું મીગ-૨૧ વિમાન તુટી પડયું.
- કચ્છમાં અમુલ ડેરી ૭૦ લાખના ખર્ચે દુધ ઉત્પાદક યુનિટ શરૂ કરશે.
- મહારાષ્ટ્રમાં ૧૦૦૦ કરોડનું શિક્ષણ કૌભાંડ બહાર આવ્યું.
- જીવન વીમાની જુની પોલીસીની ચુકવણી વખતે ટીડીએસ કપાશે.
- સરકારી દવાખાનામાં મફ્ત અપાતી દવાઓ ઘટાડવામાં આવશે. ફક્ત ૫૦ જ દવા મફ્ત મળશે.
- અમલ ન થઈ શકે તેવી યોજનાઓ બનાવો નહી : સુપ્રીમની શીખ.
- તમિલનાડુમાં ચામડાના કારખાનામાં આગથી ૧૦નાં મોત.
- ઊંઘમાં લાત મારવાની ટેવ હોય તો માનસિક બિમારી આવી શકે.